# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 20-03-2026 Day: Friday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **વિરલ રાણા** વાંચે છે.

---

## પશ્ચિમ એશિયા-પરિષદ-ગેસ મંત્રાલય:

સરકાર દ્વારા દેશમાં પરિવહન માટે ઘરેલુ PNG અને CNGનો 100% પુરવઠો સુનિશ્ચિત કરવામાં આવ્યો છે.પશ્ચિમ એશિયામાં આર્થિક વિકાસ પર એક આંતર-મંત્રીસ્તરીય પત્રકાર પરિષદને સંબોધતા, પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયના સંયુક્ત સચિવ સુજાતા શર્માએ જણાવ્યું કે બે અઠવાડિયામાં આશરે 125,000 ઘરેલુ અને વાણિજ્યિક જોડાણો જારી કરવામાં આવ્યા છે અને છેલ્લા ત્રણ દિવસમાં 5,600 થી વધુ ગ્રાહકોએ PNG જોડાણો મેળવ્યા છે.

વાણિજ્યિક LPG અંગે, તેમણે કહ્યું કે આશરે 17 રાજ્ય સરકારો દ્વારા ફાળવણીના આદેશો જારી કરવામાં આવ્યા છે, અને તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને વાણિજ્યિક LPG સપ્લાય કરવામાં આવ્યો છે.

---------------------------------------------------------------------------------------------

## નાયબ મુખ્યમંત્ર-હર્ષ સંઘવી-ગિફ્ટ સિટી :

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું, ગિફ્ટ સિટી હવે સિંગાપોર જેવા વૈશ્વિક કેન્દ્રો સાથે સ્પર્ધા કરી રહ્યું છે. ગિફ્ટ સિટી-ગાંધીનગર “IFSCA ટેલેન્ટ વિસ્ટા સમિટ-૨૦૨૬”ના ઉદ્ઘાટન સત્રને સંબોધતા તેમણે આ વાત કહી. શ્રી સંઘવીએ ગિફ્ટ સિટીને લાખો યુવાનોના સપના સાકાર કરવાનું કેન્દ્ર ગણાવતા કહ્યું, આગામી એક વર્ષમાં ગિફ્ટ સિટીમાં 20થી વધુ આંતરરાષ્ટ્રીય સ્તરની રેસ્ટોરન્ટ્સ શરૂ થશે. આ ઉપરાંત, રાજ્ય સરકાર 'વર્કિંગ એન્ડ લિવિંગ ઇન ગિફ્ટ સિટી' મોડેલ પર ગંભીરતાથી કામ કરી રહી છે, જેથી કર્મચારીઓને ત્યાં જ રહેવાની શ્રેષ્ઠ સુવિધા મળી રહેશે.

---------------------------------------------------------------------------------------------

## કમોસમી વરસાદ:

રાજ્યના અનેક ભાગોમાં ગઈકાલે કમોસમી વરસાદ અને ભારે પવન ફૂંકાયા હતા, જેના કારણે અનેક જિલ્લાઓમાં સામાન્ય જનજીવન ખોરવાઈ ગયું હતું. કચ્છ જિલ્લામાં ભારે વરસાદ પડ્યો હતો, જેમાં નખત્રાણા, લખપત, અબડાસા, ભુજ, માંડવી અને મુન્દ્રામાં ભારે વરસાદ પડ્યો હતો. સૌરાષ્ટ્રના રાજકોટ, જૂનાગઢ, દ્વારકા, મોરબી, બોટાદ અને જામનગરમાં પણ આવી જ હવામાનની સ્થિતિ જોવા મળી હતી.

સ્થાનિક અધિકારીઓ અને રાજ્યના કટોકટી વિભાગો પરિસ્થિતિ પર નજીકથી નજર રાખી રહ્યા છે, કારણ કે રાજ્યના શહેરી અને ગ્રામીણ બંને વિસ્તારોને કમોસમી હવામાનની અસર થઈ હતી.

આજે બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, દાહોદ, કચ્છમાં હળવો વરસાદ પડી શકે છે. આગામી સાત દિવસ તાપમાનમા 4-5 ડિગ્રીનો વધારો થશે.

કચ્છ સહિત રાજ્યભરની ખેતીને આ માવઠાના મારથી  રોકડીયા તેમજ બાગાયતી પાકોને નુકસાન પહોંચ્યુ છે.રાજ્યના 12 જીલ્લામા ઓરન્જ એલર્ટ જાહેર કરાયુ છે.

---

## કચ્છ વસ્તી ગણતરી:

કેન્દ્ર સરકાર દ્વારા આ આ વર્ષે વસતિ ગણતરીની કવાયત હાથ ધરવામાં આવી રહી છે.ત્યારે કચ્છ જિલ્લામાં આ મહાઅભિયાનને સફળ બનાવવા માટે 4 હજારથી વધુ અધિકારીઓ અને કર્મચારીઓ જોડાશે.

નિયમોનુસાર,700 થી 800 લોકોની વસ્તી દીઠ એક ગણતરીદારની નિમણૂક કરાશે.આ તમામ કર્મચારીઓ ખાસ તૈયાર કરવામાં આવેલી મોબાઈલ એપ દ્વારા ઘરે-ઘરે જઈને રિયલ ટાઈમ ડેટા એકત્ર કરશે.આ ડેટા સીધો સેન્ટ્રલ સર્વર પર અપલોડ થશે.ઉલ્લેખનીય છે વર્ષ 2011માં કચ્છ જિલ્લામાં 20 લાખ 93 હજાર વસતિ નોંધાઈ હતી.

---

# ચેટીચાંદ-દરિયાલાલ પર્વ ઉજવણી:

આજે ચેટીચાંદ પર્વની શ્રદ્ધા અને ભક્તિ ભાવ પૂર્વક ઉજવણી થઈ રહી છે. આજે સિંધી સમાજ તેના નૂતન વર્ષ સિંધ્યાતનની ઉજવણી કરે છે. સિંધી સમાજના ઇષ્ટદેવ ઝૂલેલાલજીની 853 મી જન્મજયંતિની સિંધી સમાજની વસ્તી ધરાવતાં ગાંધીધામ, આદિપુર સંકુલમાં વિવિધ કાર્યક્રમો સાથે ઉજવણી થશે. વિવિધ ધાર્મિક કાર્યક્રમોની સાથે શોભાયાત્ર નીકળશે. સિંધી સમાજ સાથે લોહાણા સમાજ દ્વારા તેમના ઇષ્ટદેવ દરિયા લાલ જયંતિની પરંપરાગત રીતે ઉજવણી થઇ રહી છે. ભુજ, અંજાર, ભચાઉ રાપર,ગાંધીધામ,માંડવી,મુન્દ્રા વિગેરે શહેરો અને ગામોમાં દરિયાદેવનું પૂજન આરતી અને શોભાયાત્રા વિગેરે કાર્યક્રમો થી વાતાવરણ ગાજતું રહેશે. ભુજ નજીક પિથોરપીરના સ્થાનકે પાટોત્સવની ઉજવણી થશે.

---

# 'વિશ્વ ચકલી દિવસ':

આજે 'વિશ્વ ચકલી દિવસ' ની ઉજવણી કરવામાં આવી રહી છે. ચકલીઓની ઘટતી જતી સંખ્યા પ્રત્યે જાગૃતિ લાવવા અને તેમના સંરક્ષણ માટે આ દિવસ વિશેષ મહત્વ ધરાવે છે.

કચ્છના પર્યાવરણ પ્રેમીઓ અને સેવાભાવી સંસ્થાઓ દ્વારા આજે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરાયું છે, જેમાં વિનામૂલ્યે ચકલીના માળા અને પાણીના કુંડાનું વિતરણ કરવામાં આવશે.

---

# ચૈત્રી નવરાત્રી બીજો દિવસ:

ચૈત્રી નવરાત્રીનો આજે બીજો દિવસ, આજે માતાજીના બ્રહ્મચારીણી સ્વરૂપની પુજા કરવામાં આવે છે. માતાજીના આ સ્વરૂપમાં તેમના જમણા હાથમાં જપમાળા અને ડાબા હાથમાં કમંડળ છે, બ્રહ્મ એટલે તપ બ્રહ્મચારીણી એટલે તપનું આચરણ કરનારા. દેવી બ્રહ્મચરાની એ શક્તિનું પ્રતિક માનવામાં આવે છે તેમની આરાધના થી ભક્તમાં તપ કરવાની શક્તિ વધે છે સાથે વિચારેલા તમામ કામ પૂર્ણ કરવાની પ્રેરણા પણ મળે છે .

---

## સુન્ની ચાંદ કમિટી યાદી-ઈદ-ઉલ-ફિત્ર :

કચ્છ જીલ્લા ગઈકાલે માહે સવાલનો ચાંદ ન દેખાતા આવતીકાલે તારીખ 21મી માર્ચના ઈદ-ઉલ-ફિત્ર મનાવાશે તેવુ સુનીચાંદ કમિટી-કચ્છ તરફથી જાહેર કરાયુ છે. આજે શુક્રવારે માહે રમઝાનુલ મુબારકનો 30મો રોજો રાખવામાં આવશે.

---

## નર્મદા પરિક્રમા:

પવિત્ર ઉત્તરવાહિની પંચકોશી નર્મદા પરિક્રમાનો ગઈકાલથી પ્રારંભ થયો છે.નર્મદે હરના જયઘોષ સાથે 14 કિલોમીટરની આ પરિક્રમામાં અનેક શ્રદ્ધાળુ જોડાયા છે.

---